# ડેન નેટવર્ક્સ લિમિટેડનો આઈપીઓ ૨૮ ઓક્ટોબરે ખુલશે




ડેન નેટવર્ક્સ લિમિટેડના પબ્લિક ઈશ્યુ અંગેની પત્રકાર પરિષદને સંબોધતાં કંપનીના ચીફ ફાયનાન્સિયલ ઓફિસર રાજેશ કૌશલ, આ પ્રસંગે પ્રેમલ દોશી, અનુજ ગાંધી અને મુફઝલ આરસીઆના ઉપસ્થિત રહ્યાં હતાં.

ભારતની અગ્રણી કેબલ ડિસ્ટ્રીબ્યુશન કંપની ડેન નેટવર્ક્સ લિમિટેડ (ડેન) રૂ. ૧૦ની કિંમતનો એક એવા બે કરોડ ઈક્વિટી શેરોના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) સાથે ૧૦૦ ટકા બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા મૂડી બજારમાં પ્રવેશી રહી છે. ઈશ્યુનો પ્રાઈસ બેન્ડ રૂ. ૧૯૫થી રૂ. ૨૦૫ની કરવામાં આવ્યો છે. ઈશ્યુ ૨૮ ઓક્ટોબર ૨૦૦૯નાં રોજ ખુલશે અને ૩૦ ઓક્ટોબરના રોજ બંધ થશે.

બે કરોડ ઈક્વિટી શેરોમાંથી જાહેર જનતાને ૧૯,૭૫૦,૦૦૦ ઈક્વિટી શેરો ઓફર કરવામાં આવશે. આ ઉપરાંત બીજા ૨.૫ લાખ ઈક્વિટી શેરો માન્ય કર્મચારીઓ (ધ એમ્પલોઈ રિઝર્વેશન પોર્શન)ના સબસ્ક્રિપ્શન માટે અનામત રાખવામાં આવશે. ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (ક્યુઆઈબી)ને ૬૦ ટકા શેરો ફાળવવામાં આવશે, જેમાંથી ૩૦ ટકા હિસ્સો એન્કર ઈન્વેસ્ટર્સનો છે. એચએનઆઈને ૧૦ ટકા અને રિટેલ ઈન્વેસ્ટર્સને ૩૦ ટકા શેરો ફાળવવામાં આવશે.

આઈપીઓમાંથી મળનારા ભંડોળનો ઉપયોગ કંપનીના કેબલ ટેલિવિઝન અને બ્રોડબેન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓ વિકસાવવામાં થશે. આ ઉપરાંત કન્ટેન્ટ અને બ્રોડકાસ્ટ રાઈટ્સ ખરીદવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુ માટે પણ આ ફન્ડનો ઉપયોગ કરવામાં આવશે. આ ઈશ્યુમાં કંપનીની આઈપીઓ પછીની ૧૫.૬ ટકા પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો સમાવેશ થાય છે, જ્યારે નેટ ઈશ્યુ આઈપીઓ પછીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીના ૧૪.૯૭ ટકાનો હશે. આ ઈશ્યુના લીડ મેનેજરોમાં ડોઈશ ઈક્વિટીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વૈશ્વિક કો ઓર્ડિનેટર અને બુક રનિંગ લીડ મેનેજર (જીસીબીઆરએલએમ)છે, જ્યારે એન્ટીક કેપિટલ માર્કેટ્સ પ્રાઈવેટ લિમિટેડ કો-બુક રનિંગ લીડ મેનેજર (સીબીઆરએલએમ) છે.

કંપનીના ઈક્વિટી શેરો બીએસઈ અને એનએસઈ પર લીસ્ટીંગ કરાશે.